Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :11 • Date : 03-08-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

### વિપક્ષી સાંસદોનું એક પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યું

## સંસદમાં મને બોલતો રોકવા માઈક બંધ કરી દેવાય છેઃ ખડગે

### પ્રતિનિધિમંડળમાં વિવિધ વિરોધ પક્ષના કુલ ૨૧ નેતાઓ સામેલ, આઈ.એન.ડી.આઈ.એના તમામ સાંસદો રાષ્ટ્રપતિને મળ્યા અને તેમને મણિપુર વિશે માહિતી આપી

નવી દિલ્હી

મણિપુર હિંસા મામલે સંસદમાં હોબાળો ચાલી રહ્યો છે અને વિપક્ષી પાર્ટીઓ સતત કેન્દ્ર પર પ્રહારો કરી રહી છે ત્યારે આજે વિપક્ષી સાંસદોનું એક પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યુ છે.

દેશમાં મણિપુર હિંસાનો મુદ્દે સંસદથી લઈને રસ્તાઓ પર ચર્ચા થઈ રહી છે. સંસદમાં ચોમાસા સત્રનું આ ત્રીજુ અઠવાડિયું છે ત્યારે વિપક્ષીના સતત હંગામાને કારણે બંને ગૃહોની કાર્યવાહી સ્થગિત કરવી પડે છે આ વચ્ચે આજે વિપક્ષી સાંસદોએ રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી હતી. આ પ્રતિનિધિમંડળમાં વિવિધ વિરોધ પક્ષના કુલ ૨૧ નેતાઓ સામેલ હતા. રાષ્ટ્રપતિને મળ્યા બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ અંગે માહિતી આપી હતી. જેમાં તણે કહ્યું હતું કે મણિપુર અંગે રાષ્ટ્રપતિને મેમોરેન્ડમ સુપરત કરવામાં આવ્યું અને તેમને મણિપુર મુદ્દે હસ્તક્ષેપ કરવા વિનંતી કરી હતી. આ મામલે રાષ્ટ્રપતિએ ખાતરી આપી છે કે તેઓ તેના પર વિચાર કરશે.

મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે અમે રાષ્ટ્રપતિને મળ્યા અને મણિપુરમાં બની રહેલી ઘટના અંગે ચર્ચા કરી હતી. આઈ.એન.ડી.આઈ.એના તમામ સાંસદો રાષ્ટ્રપતિને મળ્યા અને તેમને મણિપુર વિશે માહિતી આપી. આ દરમિયાન ખડગેએ ફરી એકવાર કહ્યું હતું કે તેમને સંસદમાં બોલવાથી રોકવામાં આવી રહ્યા છે. તેણે કહ્યું કે મારું માઈક બંધ કરવામાં આવે છે.

ખડગેએ વધુમાં કહ્યું કે, અધ્યક્ષે આશ્વાસન આપ્યું કે સત્તાધારી પક્ષને એટલું જ મહત્વ આપવામાં આવે છે જેટલું તે વિપક્ષને આપે છે, પરંતુ ખબર નથી કે મને કેમ બોલવાની મંજૂરી નથી. મારું માઈક બંધ છે. સરકાર નથી ઈચ્છતી કે મણિપુરની ચર્ચા થાય. ખડગેએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મણિપુર જવું જોઈતું હતું.

મલ્લિકાર્જુન ખડગેએ હરિયાણામાં નૂહ સહિત વિવિધ સ્થળોએ થયેલી હિંસા અંગે પણ સરકાર પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે હરિયાણામાં જે રમખાણો થઈ રહ્યા છે તે વડાપ્રધાન કાર્યાલયથી ૧૦૦ કિલોમીટર દૂર પણ નથી.



વડાપ્રધાન દિલ્હીની જ નોંધ લેતા નથી. આ પહેલા વિપક્ષી ગઠબંધન આઈ.એન.ડી.આઈ.એના કેટલાક સાંસદોએ ૨૯-૩૦ જુલાઈના રોજ મણિપુરની મુલાકાત લીધી હતી. વિપક્ષ મણિપુર હિંસા પર સંસદમાં નિયમ ૨૬૭ હેઠળ ચર્ચા કર્યા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદનની માંગ કરી રહ્યું છે, જ્યારે શાસક ગઠબંધન ઈચ્છે છે કે મણિપુર પર ટૂંકા ગાળાની ચર્ચા કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ જવાબ આપશે.


### સ્વતંત્રતા દિવસ પર કાશ્મીરમાં માહોલ બગાડવાનું કાવતરું

## દળોએ કાશ્મીરના બારામુલ્લામાંથી બે હાઈબ્રિડ આતંકીની ધરપકડ કરી

બારામૂલ્લા

આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાએ સ્વતંત્રતા દિવસ દરમિયાન કાશ્મીરમાં માહોલ બગાડવા અને લોકોમાં ભય પેદા કરવા માટે ટાર્ગેટ કિલિંગનું કાવતરું ઘડ્યું હતું. સુરક્ષા દળોએ બુધવારની વહેલી સવારે બારામુલ્લામાં બે હાઈબ્રિડ આતંકવાદીઓની ધરપકડ કરીને આ ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું છે. ધરપકડ કરાયેલા આતંકવાદીઓની પૂછપરછ ચાલી રહી છે.આ મામલે સંબંધિત અધિકારીઓએ જણાવ્યું કે ધરપકડ કરાયેલા બંને આતંકવાદીઓ સ્થાનિક છે અને તેઓને બારામુલ્લાના આઝાદગંજમાં સેના, પોલીસ અને સીઆરપીએફના સંયુક્ત નાકાદળ દ્વારા પકડવામાં આવ્યા છે.

ઓલ્ડ ટાઉનમાં લશ્કર-એ-તૈયબાના બે નવા આતંકવાદીઓ નજરે પડવાની જિલ્લા પોલીસને



મળેલી માહિતીના આધારે આ નાકા લગાવવામાં આવ્યો હતો. નાકા પાર્ટીએ આજે વહેલી સવારે બે યુવાનોને શંકાસ્પદ રીતે ફરતા જોયા હતા. નાકા પર તૈનાત જવાનોએ બંને યુવકો પર ઝીણવટભરી નજર રાખી અને તેમને આગળ આવવા દીધા પરંતુ બંને યુવકોએ નાકા જોઈને તરત જ પાછળ ભાગવાનો પ્રયાસ કર્યો હતો.નાકા પર તૈનાત જવાન પહેલાથી તૈયાર બેઠા હતા. તેમણે બંનેનો પીછો કર્યો અને બંનેને બચવાની તક આપ્યા વગર પકડી લીધા. બંનેની ઘટના સ્થળ પર જ તલાશી લેવામાં આવી. આ દરમિયાન તેમની પાસેથી એક પિસ્તોલ, એક મેગેઝિન, ચાર કારતૂસ, એક ગ્રેનેડ અને અન્ય હથિયારો મળી આવ્યા હતા. બંને આતંકવાદીઓની ધરપકડ કરીને બારામૂલા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા. જ્યાં તેમની ઓળખ ફૈસલ મઝીદ ગનઈ નિવાસી બંગલા બાગ બારામૂલા અને નૂર ઉલ કામરાન ગનઈ નિવાસી બાગ એ ઈસ્લામ ઓલ્ડ ટાઉનના રૂપમાં થઈ છે. પ્રારંભિક પૂછપરછમાં બંનેએ જણાવ્યું કે, તેઓ થોડા સમય પહેલા આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબામાં સક્રિય થયા હતા.

તેઓને તેના હેન્ડલર દ્વારા ઓલ્ડ ટાઉનના ચોક્કસ સ્થળેથી હથિયાર ઉપાડવાનું કહેવામાં આવ્યું હતું. તેમને કાશ્મીરી હિંદુઓ અને અન્ય લઘુમતીઓની ટાર્ગેટ કિલિંગ ઉપરાંત ૧૫ ઓગસ્ટ પહેલા બારામુલ્લા અને તેની આસપાસના વિસ્તારોમાં સુરક્ષા દળો પર ગ્રેનેડ હુમલાઓ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

### સુપ્રીમ કોર્ટના વકીલે આશંકા વ્યક્ત કરી

## ૨૦૨૪માં પુલવામા અને બાલાકોટ જેવુ કંઈક થઈ શકે છેઃ પ્રશાંત ભૂષણ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટના વકીલ પ્રશાંત ભૂષણે આશંકા વ્યક્ત કરી છે કે ૨૦૨૪માં પુલવામા અને બાલાકોટ જેવુ કંઈક થઈ શકે છે. એટલુ જ નહીં, તેમણે અયોધ્યાના રામ મંદિર પર પણ આતંકી હુમલાની આશંકા વ્યક્ત કરી છે. પાકિસ્તાનના બાલાકોટમાં જે સ્ટ્રાઈક થઈ શકે છે, તેમાં આ વખતે કેટલાક જવાન પણ મોકલવામાં આવી શકે છે.

વર્ષ ૨૦૧૯માં ત્યાં માત્ર એર સ્ટ્રાઈક થઈ હતી.બીએસએફના ભૂતપૂર્વ એડીજી અને સુરક્ષા બાબતોના નિષ્ણાત એસકે સૂદે કહ્યુ, ૨૦૨૪ પહેલા રામ મંદિર પર 'ગજવા એ હિંદ' જેવા આતંકી સંગઠન હુમલાનો પ્રયાસ કરી શકે છે. આને ધ્યાનમાં રાખતા કાશી, મથુરા અને અયોધ્યામાં સ્થિત મંદિરોની સુરક્ષાને ત્રણ ગણી વધારવામાં આવે.

પુલવામામાં થયેલા સીઆરપીએફ હુમલા અંગે તેમણે કહ્યુ, સરકાર આ મામલા અંગે રહસ્ય અકબંધ રાખવા માંગે છે. જવાનોને તે બસમાં બેસાડવામાં આવ્યા હતા, જે પથ્થર પણ સહન કરી શકતી નહોતી.મંગળવારે કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે 'રાષ્ટ્રીય સુરક્ષા બાબતો, ચિંતાઓ અને જવાબદારી' વિષય પર એક કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રશાંત ભૂષણ અને એસકે સૂદ સહિત ઘણા નિષ્ણાતોએ આ સંમેલનમાં પોતાનો મત મૂક્યો હતો. પ્રશાંત ભૂષણે કહ્યુ, પુલવામાના આતંકી હુમલા અંગે ઘણા પ્રશ્નો છે. તે હુમલો કેવી રીતે થયો, કેમ થયો, આ બાબતના ઘણા તથ્ય સામે આવી ચૂક્યા છે.

પહેલી વાત તો એ હતી કે જવાનોને ઈન્ટેલિજન્સ એલર્ટ છતાં માર્ગ પરથી કેમ મોકલવામાં આવ્યા. તેમને પ્લેન દ્વારા કેમ ના લઈ જવાયા. પુલવામા હુમલાના એક મહિલા પહેલા ૧૧ ઈન્ટેલિજન્સ ઈનપુટ મળ્યા હતા, પરંતુ તેને સંપૂર્ણપણે અવગણવામાં આવ્યા. સુરક્ષા દળો માટે નક્કી એસઓપીનું પાલન કરવામાં આવ્યુ નહીં. ૩૦૦ કિલોથી વધુ આરડીએક્સ લઈને ગાડી ફરતી રહી, પરંતુ કોઈને ખબર જ ના પડી.

## તંત્રીની કલમે.................

# અઘોષિત ડ્રોન યુદ્ધ

ભારતમાં યુવા પેઢીને પથભ્રષ્ટ કરવા અને આતંકવાદને ઉત્તેજન આપવા માટે પાકિસ્તાન મોટા પાયે ડ્રોન દ્વારા નશીલા પદાર્થો મોકલતું રહે છે. આ ખેલ દેશના સીમાવર્તી વિસ્તારોમાં લાંબા સમયથી ચાલુ છે. પાકિસ્તાનની ધરતીથી ઉડનારા આ ડ્રોન કાશ્મીર અને પંજાબના સીમાવર્તી વિસ્તારોમાં આતંકીઓને હથિયાર અને પૈસા ઉપલબ્ધ કરાવવા માટે નશાની ખેપ સતત મોકલતા રહે છે. જ્યારે પાકિસ્તાને ક્યારેય આ સચ્ચાઈનો સ્વીકાર નથી કર્યો કે તેની ધરતીથી સતત ભારત વિરોધી ગતિવિધિઓ ડ્રોન દ્વારા ચાલુ છે. પરંતુ હાલમાં જ પાક. વડાપ્રધાન શહબાઝ શરીફના વિશેષ રક્ષા સહાયક મલિક મોહંમદ ખાને એક ટીવી ઈન્ટરવ્યૂમાં સ્વીકાર્યું કે સીમા પારથી ભારતમાં નશીલા પદાર્થોની તસ્કરી માટે પાકિસ્તાની ડ્રોનોનો ઉપયોગ કરાઈ રહ્યો છે. અસલમાં મોહંમદ ખાન પ્રાંતીય વિધાનસભામાં કસૂર શહેરનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે પોતાના વિસ્તારમાં પૂર પીડિતોના પુનર્વાસ માટે વિશેષ પેકેજની માંગ કરી હતી. આ માંગ માટે દબાણ બનાવવા તેમણે સાર્વજનિક રૂપે કહ્યું કે જો સમય રહેતાં પૂર પીડિતોની મદદ ન મળતી તો આ વિસ્તારના યુવાઓ પણ એ તસ્કરોમાં સામેલ થઈ જશે, જેઓ નિયંત્રણ રેખા નજીક આવે કસૂરના રસ્તે ભારતમાં હેરોઈન મોકલવા માટે ડ્રોનનો ઉપયોગ કરી રહ્યા છે.


દેખીતું છે કે પાકિસ્તાની વડાપ્રધાનના સલાહકારની આ સ્વીકારોક્તિ એ વાતની પુષ્ટિ કરે છે કે શરીફ સરકારના નાક નીચે ડ્રોન દ્વારા માદક પદાર્થોનો ધંધો બેફામ ચાલુ છે. એટલે કે નશા તસ્કરોને રોકવાના કોઈ પ્રયાસ નથી થઈ રહ્યા. અસલમાં અત્યાર સુધી પર્યાપ્ત પુરાવા છતાં પાકિસ્તાન લાંબા સમયથી કોઈપણ રૂપે સીમા પારથી આતંકવાદને સહાયતા કે ઉત્તેજન આપવામાં પોતાની કોઈપણ પ્રકારની ભૂમિકાથી ઈનકાર કરતું રહ્યું છે. ગત દિવસોમાં જમ્મુ-કાશ્મીર અને સીમાવર્તી રાજ્ય પંજાબમાં ડ્રોન દ્વારા ડ્રગ્સ અને હથિયારની ખેપ મોકલવાની કેટલીય ઘટનાઓ જોવા મળી છે. કેટલાય ડ્રોનોને સીમા સુરક્ષા દળના જવાનોએ તોડી પાડ્યાં છે. હાલમાં જ માદક દ્રવ્યોની તસ્કરી અને રાષ્ટ્રીય સુરક્ષા પર થયેલ સંમેલનમાં મુખ્યમંત્રી ભગવંત માને ગૃહમંત્રી અમિત શાહને ડ્રોન રજિસ્ટ્રેશનને અનિવાર્ય બનાવવાનો આગ્રહ કર્યો હતો. સાથે જ તેમણે જણાવ્યું હતું કે સીમા પારથી હથિયારો અને હેરોઈનની તસ્કરી માટે મોટા પાયે પાકિસ્તાનથી ડ્રોનનો ઉપયોગ થઈ રહ્યો છે. તેના જવાબમાં શાહે જાહેરાત કરી હતી કે કેટલાય પ્રકારના પ્રતિબંધોવાળી નવી ડ્રોન નીતિની જાહેરાત જલ્દી કરવામાં આવશે. નિઃસંદેહ, ડ્રોન તસ્કરીના ખતરાને જોતાં તેના મુકાબલે એક મજબૂત નીતિની તાતી જરૂર છે. જ્યારે પાક. અધિકારીની સ્વીકારોક્તિ બાદ આ મુદ્દે પાકિસ્તાનને ઘેરવાની કોઈ કસર ભારતે ન છોડવી જોઈએ. આ સારો મોકો છે કે નાર્કો આતંકવાદને સંરક્ષણ આપવાની પાકિસ્તાનની નીતિને આંતરરાષ્ટ્રીય મંચો પર બેનકાબ કરવામાં આવે.

### આગળનો સ્ટોપ હશે ચાંદ, ૫ ઓગસ્ટ મહત્વનો દિવસ

# ચંદ્રયાન-૩ પૃથ્વીની કક્ષા છોડીને ચંદ્ર તરફ આગળ વધ્યું

### ઈસરોએ જણાવ્યું કે મંગળવારે ચંદ્રયાન-૩ને ટ્રાન્સલુનર ઓર્બિટમાં મૂકવામાં આવ્યું હતું, ચંદ્રયાનનું આગામી સ્ટોપ ચંદ્ર છે

નવી દિલ્હી




ચંદ્રયાન-૩ સફળતાપૂર્વક પૃથ્વીની ભ્રમણકક્ષામાંથી બહાર નીકળી ગયું છે અને હવે ચંદ્ર તરફ આગળ વધી રહ્યું છે. ઈસરોએ જણાવ્યું કે મંગળવારે ચંદ્રયાન-૩ને ટ્રાન્સલુનર ઓર્બિટમાં મૂકવામાં આવ્યું હતું. ચંદ્રયાનનું આગામી સ્ટોપ હવે ચંદ્ર છે. ચંદ્રયાન-૩ સફળતાપૂર્વક પૃથ્વીની ભ્રમણકક્ષામાંથી બહાર નીકળી ગયું છે અને હવે તેનું આગલું સ્ટોપ ચંદ્ર છે.

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનએ જણાવ્યું કે ચંદ્રયાન-૩ને મંગળવારે ટ્રાન્સલુનર ઓર્બિટમાં મૂકવામાં આવ્યું હતું. નેશનલ સ્પેસ એજન્સીએ કહ્યું કે 'ચંદ્રયાન-૩એ પૃથ્વીની આસપાસ તેની ભ્રમણકક્ષા પૂર્ણ કરી લીધી છે અને તે ચંદ્ર તરફ આગળ વધી રહ્યું છે.' ઈસરોએ જણાવ્યું કે 'ISRO ટેલિમેટ્રી, ટ્રેકિંગ અને કમાન્ડ નેટવર્ક-ISTRAC સફળ પેરીજી-ફાયરિંગ કરવામાં આવ્યું છે. ઈસરોએ ચંદ્રયાન-૩ને ટ્રાન્સલ્યુનર ઓર્બિટમાં મૂક્યું છે. ચંદ્રયાનનું આગામી સ્ટોપ હવે ચંદ્ર છે. ઈસરોએ કહ્યું કે ચંદ્રયાન-૩ ચંદ્ર પર પહોંચતાની સાથે જ તેને ૫ ઓગસ્ટે ચંદ્રની ભ્રમણકક્ષામાં મૂકવાની યોજના છે. મંગળવારના ટ્રાન્સ-લુનર ઈન્જેક્શન પછી, ચંદ્રયાન-૩ પૃથ્વીની ભ્રમણકક્ષામાંથી બહાર નીકળી ગયું છે અને હવે એવા માર્ગ પર આગળ વધી રહ્યું છે જે તેને ચંદ્રની નજીક લઈ જશે. ISRO ૨૩ ઓગસ્ટે ચંદ્રની સપાટી પર લેન્ડરને સોફ્ટ લેન્ડ કરવાનો પ્રયાસ કરશે. અગાઉ, ૧૪ જુલાઈએ ચંદ્રયાન-૩ મિશનના પ્રક્ષેપણ પછી, તેની ભ્રમણકક્ષા સતત પાંચ ગણી વધારવામાં આવી હતી. LVM-M4 રોકેટ દ્વારા ચંદ્ર પરના ભારતના ત્રીજા મિશન ચંદ્રયાન-૩ના સફળ પ્રક્ષેપણે માનવોને અવકાશમાં લઈ જવાના દેશના પ્રથમ કાર્યક્રમને મોટો વેગ આપ્યો છે. આ રોકેટનો ઉપયોગ મહત્વકાંક્ષી ગગનયાન મિશન માટે કરવામાં આવશે. ISRO તેના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગગનયાનના સફળ પ્રક્ષેપણ માટે જોરશોરથી કામ કરી રહ્યું છે. આ અભિયાન હેઠળ ૩ લોકોને ૩ દિવસ સુધી પૃથ્વીની ૪૦૦ કિલોમીટરની ભ્રમણકક્ષામાં લઈ જવામાં આવશે અને ત્યારબાદ તેમને સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછા લાવવામાં આવશે. સતીશ ધવન સ્પેસ સેન્ટરના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, ૧૪ જુલાઈએ ચંદ્રયાન-૩ને લઈ જનાર ૪૪.૩ મીટર લાંબુ LVM-3 રોકેટ 'માનવીઓને સુરક્ષિત રીતે અંતરિક્ષમાં લઈ જવામાં' સક્ષમ રોકેટ હશે.

# ટાટા પાવરે EV ચાર્જિંગ ક્ષેત્રે ક્રાંતિ કરી: RFID એનેબલ્ડ 'EZ ચાર્જ' કાર્ડ લોન્ચ કર્યું

ભારતની સૌથી મોટી અને સૌથી ઝડપથી વિકસતી ઈવ ચાર્જિંગ સોલ્યુશન્સ પ્રોવાઈડર પૈકી એક ટાટા પાવરે આજે EZ ચાર્જ કાર્ડ લોન્ચ કર્યું છે. આ એક અત્યાધુનિક RFID (રેડિયો-ફ્રિકવન્સી આઈડેન્ટિફિકેશન) કાર્ડ છે જે સમગ્ર દેશમાં લાખો ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) માલિકો માટે EV ચાર્જિંગના અનુભવને સાવ બદલી નાખશે. EZ ચાર્જ કાર્ડને ટાટા પાવરના સીઈઓ અને એમડી ડો. પ્રવીર સિંહા અને ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ અને ટાટા પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટીના એમડી શૈલેષ ચંદ્રા દ્વારા બોમ્બે હાઉસ ખાતે લોન્ચ કરવામાં આવ્યું હતું.

આ કાર્ડ તેની ટેપ, ચાર્જ અને ગો ફંક્શનલિટી સાથે અસાધારણ સુવિધા આપે છે. RFID કાર્ડમાં એક બિલ્ટ-ઈન ચિપ હોય છે જે કાર્યક્ષમ, સુરક્ષિત અને સીમલેસ ચાર્જિંગ સેશન અને તેના માટે પેમેન્ટને સક્ષમ બનાવે છે. યુઝર્સ તેમની પ્રી-સેટ રિચાર્જ વેલ્યૂના આધારે ટાટા પાવર EZ ચાર્જર પર ઈઢ ચાર્જ RFID કાર્ડને ટેપ કરીને આપમેળે ચાર્જિંગ શરૂ કરી શકે છે. એક વખત વાહન ચાર્જ થઈ જાય પછી ઈવના માલિકો સરળતાથી અને આત્મવિશ્વાસ સાથે તેમનો પ્રવાસ શરૂ કરી શકે છે. ટાટા પાવર એક વ્યાપક ઈવ ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવે છે. તેમાં ૪૦,૦૦૦થી વધુ હોમ ચાર્જર, ૪૦૦૦થી વધારે પબ્લિક અને સેમી પબ્લિક ચાર્જિંગ પોઈન્ટ્સ અને ૨૫૦ બસ-ચાર્જિંગ પોઈન્ટ્સનો સમાવેશ થાય છે. તેનું નેટવર્ક ૫૫૦ શહેરોમાં હાજરી સાથે ૩૫૦ શહેરોમાં ફેલાયેલું છે. આગામી પાંચ વર્ષમાં કંપની ૨૫,૦૦૦ ચાર્જિંગ પોઈન્ટ સ્થાપવાની યોજના ધરાવે છે જેનાથી દેશમાં ઈવ ઈકોસિસ્ટમના વિકાસને વધુ વેગ મળશે.

# શ્રાવણ માસ ને લય સોમનાથ થી સાઈબાબા મંદિર ની બસ સેવા શરૂ કરવામાં આવી

### નગર સેવક ઉદય શાહ સિનિયર સિટીઝન્સ દ્વારા પ્રારંભ સ્વ સોની હીરાબેન સતીકુંવર સેવા ટ્રસ્ટ ની રજૂઆતને મળી સફળતા

પ્રતિનિધિ દ્વારા,

તા.૧,સ્વ પુનમબેન સોની સ્વ અરવિંદભાઈ સતીકુંવર પ્રેરીત સ્વ સોની હીરાબેન સતીકુંવર સેવા ટ્રસ્ટ તેમજ વિધુતનગર સિનિયર સિટીઝન દ્વારા સિટી બસ સેવા સરૂ કરવા રજૂઆતને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ જૂનાગઢ વિભાગ અને વેરાવળ એસ.ટી ડેપો મેનેજર દિલીપભાઈ શામળા ટ્રાફિક ઈન્સ્પેકટર ડી આર મેસ્વાનિયા દ્વારા શ્રાવણ માસ સુધી સવારે ૮ વાગ્યા થી રાત્રે ૮ સુધી શહેરી વિસ્તારમાં રહેતા સિનિયર સિટીઝન્સ માટે સિટી



બસ સેવા કાર્યરત કરી આ બસ સેવા નો પ્રારંભ નગર સેવક ઉદય ભાઈ શાહ દિનેશ ભાઈ વેદ લોહાણા મહાજન ના યુવા કાર્યકર અનિશ રારછ સોની હીરાબેન સતીકુંવર સેવા ટ્રસ્ટ ના વરદ હસ્તે બસ સેવા ના ડ્રાઈવર ચેતનસિંહ ને ફૂલહાર મીઠા મોં કરાવી ને સાઈબાબા મંદિર થી શિક્ષક કોલોની, શ્રીપાલ હવેલી, વિધુત નગર, ભવાની ચોક, રેપોન એસ.ટી ટાવર ચોક, રેલ્વે સ્ટેશન પાટણ દરવાજા, ભાલ્પરા ફાટક, ભીડીયા સર્કલ જી આઈ ડી સી, પાટણ સ્વામી નારાયણ ગૃરુકુલ, વેણશ્ચ સોમનાથ સુધી ના રૂટ પર હાલ તા ૩૧/૦૭/૨૦૨૩ થી શુભ સરૂઆત. કરતા નગર સેવક ઉદયભાઈ શાહ, દીનેશભાઈ વૈધ, યોગેશભાઈ સતીકુવર, અનિષ રાચ્છે નગરજનો, યાત્રીઓને લાભ લેવા અનુરોધ કરાયો હોવાનું યાદી માં જણાવેલ છે..

### રાજકોટમાં એટીએસએ મોટું ઓપરેશન પાર પાડ્યું

# રાજકોટ સોની બજારમાંથી અલકાયદા સાથે સંકળાયેલા ૩ની ધરપકડ

## રાજકોટના સોની બજારમાં છેલ્લા છ મહિનાથી કારગીર બનીને રહેતાં ત્રણ શખ્સો આતંકી સંગઠન અલકાયદા સાથે સંકળાયેલા હોવાની એટીએસને બાતમી મળી હતી



રાજકોટ

તાજેતરમાં જ અમદાવાદમાંથી અલકાયદા સાથે સંકળાયેલા શખ્સોને એટીએસએ ઝડપી પાડ્યા હતાં. હવે રાજકોટમાં એટીએસએ મોટું ઓપરેશન પાર પાડ્યું છે. શહેરના સોની બજારમાં કારીગર તરીકે રહેતાં અને અલકાયદા સાથે સંકળાયેલા ત્રણ શખ્સોની એટીએસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટના સોની બજારમાં છેલ્લા છ મહિનાથી કારગીર બનીને રહેતાં ત્રણ શખ્સો આતંકી સંગઠન અલકાયદા સાથે સંકળાયેલા હોવાની એટીએસને બાતમી મળી હતી. જેના આધારે તપાસ કરતા શહેરના સોના બજારમાંથી ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. આ શખ્સો મુસ્લિમ કારીગરોને ભારત વિરૂદ્ધ ભડકાવવાનું કામ કરતા હોવાની આશંકા સેવાઈ રહી છે.

એટીએસના ગુપ્ત ઓપરેશનમાં એવું સામે આવ્યું છે કે, આ ત્રણેયને ગુજરાતમાં અલકાયદાનો પ્રચાર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. તેઓ છેલ્લા છ મહિનાથી રાજકોટના સોની બજારમાં કારીગર તરીકે કામ કરતાં હતાં. તેમની પાસેથી એટીએસને પિસ્તોલ અને ૧૦ કારતૂસ મળી આવ્યાં છે. આ શખ્સો પશ્ચિમ બંગાળથી રાજકોટ આવ્યાં હતાં. તે ઉપરાંત તેઓ બાંગ્લાદેશમાંથી ભારતમાં પ્રવેશ્યા હોવાની પણ આશંકાઓ સેવાઈ રહી છે.

ત્રણ શખ્સોને ઝડપ્યા પહેલા ગુજરાત એટીએસ ગુપ્ત રાહે તપાસ પણ કરી રહી હતી અને ચોક્કસ બાતમી મળતા ત્રણેયને પકડીને અમદાવાદ લાવવાની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે રાજકોટના સોની બજારમાં ત્રણ લોકો આતંકી મોડ્યુલ માટે મદદ કરતા હતા. આ શખસો પાસે ગુજરાતમાં કે અન્ય જગ્યાએ અલકાયદાના સ્લીપર સેલને મદદ કરવા માટે જવાબદારી સોંપવામાં આવી હતી. તેમણે હવાલાથી પણ કોઈ ટ્રાન્જેક્શન કર્યા હોવાની વિગત ગુજરાત એટીએસને મળી છે. તેઓ કઈ જગ્યાએ આતંકી પ્રવૃત્તિ કરવાના હતા અથવા કોઈને મદદ કરી રહ્યા હતા તેની સઘન પૂછપરછ ચાલી રહી છે અને આરોપીઓને અન્ય કઈ જગ્યાએથી મદદ મળી હતી તે અંગે પણ માહિતી એકત્ર કરાઈ રહી છે. આતંકીઓ મુસ્લિમ કારીગરોને ભારત વિરૂદ્ધ ભડકાવવાનું કામ કરતા હતા. છેલ્લા છ મહિનાથી રાજકોટમાં કારીગર બનીને રહેતા હતા. જોકે ગુજરાત એટીએસની સતર્કતાથી આતંકીઓનો પર્દાફાશ થયો હતો. બાંગ્લાદેશી આતંકીઓ પ.બંગાળથી રાજકોટ પહોંચ્યા હતા અને દેશમાં આતંકવાદના મૂળીયા નાંખવા માંગતા હતા. પકડાયેલા આતંકીઓ અમન, તેનો સાળો અબ્દુલ સુકુર અને સૈફ નવાઝ તદ્દન કટ્ટરપંથી છે. તેમની પાસેથી એક હથિયાર પણ મળી આવ્યું હતું. રાત્રે ૧૧.૪૫ કલાકે એટીએસે ત્રણેયને ઉપાડ્યા હતા. એટીએસની કામગીરીથી સ્થાનિકો પણ અજાણ હતા. પકડાયેલા ત્રણેય આંતકીને અલકાયદાના પ્રસારનું કામ સોંપવામાં આવ્યું હતું. સ્થાનિકોના કહેવા મુજબ સોની બજારમાં હજારોની સંખ્યામાં બંગાળી કારીગરો કામ કરે છે.

થોડા દિવસ પહેલા ગુજરાત એટીએસ દ્વારા પોરબંદરમાં સૌથી મોટું ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. ગુજરાતમાંથી આઈએસઆઈએસના મોડ્યુલનો પર્દાફાશ કરવામાં આવ્યો હતું. પોરબંદરમાંથી ગુજરાત એટીએસ દ્વારા મહિલા સહિત ચાર લોકોને દબોચી લીધા હતા. આ ચારેય આતંકીઓ આઈએસઆઈએસના સક્રિય ગૃપના સભ્યો હતા. આ લોકો છેલ્લા એક વર્ષથી એકબીજાના સંપર્કમાં હતા. ગુપ્ત બાતમીના આધારે પોરબંદર પહોંચીને ગુજરાત એટીએસએ આ કાવતરાનો પર્દાફાશ કર્યો હતો. પોરબંદરમાં એટીએસની ટીમ આવતા ભારે ચર્ચાનો વિષય બન્યો હતો. ત્યારે ગુજરાત એન્ટિ ટેરેરીસ્ટ સ્કવોડ દ્વારા આ આઈએસઆઈએસના ચાર આતંકીઓને ઝડપી પાડ્યા હતા. આ ઝડપાયેલા આતંકીઓમાં એક મહિલાનો પણ સમાવેશ થતો હતો. સુમેરા નામની સુરતની એક મહિલાની પણ આ સંદર્ભે ધરપકડ કરવામાં આવી હતી. ચારેય આતંકીઓ આઈએશઆઈએસના સક્રિય ગૃપના સભ્યો હતા. એટીએસના દરોડામાં ઘણી પ્રતિબંધિત વસ્તુઓ પણ મળી આવી હતા. ચારેય આઈએસઆઈએસમાં જોડાવવા ભાગવાની ફિરાકમાં હતા અને ચારેય આતંકીઓ ૧ વર્ષથી એકબીજાના સંપર્કમાં હતા. સીમા પાર બેઠેલા આકાઓ સાથે પણ તેઓનો સંપર્ક હતો. તેઓ આતંકી આકાઓના ઈશારે કટ્ટરપંથી બન્યા હતા.

---

### ધરોઈ ડેમ ઓવરફ્લો થવાના આરે!

# ધરોઈ ડેમની જળસપાટી વધતા ૩ દરવાજા ખોલાયા

## સોમવારે મહેસાણાના ધરોઈ ડેમનો બીજો ગેટ ખોલાયો હતો અને ડેમમાંથી નદીમાં ૯૨૩૬ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું

મહેસાણા

ઉત્તર ગુજરાતની જીવાદોરી સમાન ધરોઈ ડેમ ઓવરફ્લો થવાના આરે છે. ધરોઈ ડેમની જળસપાટી વધતા ૩ દરવાજા ખોલાયા છે. ડેમની ભયજનક સપાટી ૬૨૨ ફૂટ છે, જ્યારે હાલ ડેમ ૬૧૮.૫૦ ફૂટ ભરાયો છે. ધરોઈ ડેમ સંપૂર્ણપણે ભરાવવામાં ફક્ત ૩.૫ ફૂટ બાકી છે. જળસપાટી જાળવવા ૧૦,૦૩૬ ક્યુસેક પાણી સાબરમતીમાં છોડાયું છે. સાબરમતી નદીના કાંઠા વિસ્તારને એલર્ટ કરાયા છે. ઉપરવાસમાં ભારે વરસાદથી ધરોઈ ડેમમાં નવા નીરની આવક થઈ રહી છે. ગઈકાલે મહેસાણાના ધરોઈ ડેમનો બીજો ગેટ ખોલાયો હતો અને ડેમમાંથી નદીમાં ૯૨૩૬ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. કાલે ડેમમાં ૯૨૮૬ ક્યુસેક પાણીની આવક થઈ રહી હતી. જ્યારે હાલ ધરોડાઈ ડેમની સપાટી ૬૧૯ ફૂટ છે. ધરોઈ ડેમમાંથી સાબરતમી નદીમાં પાણી છોડાઈ રહ્યું છે. જેના પગલે સાબરમતી કાંઠા વિસ્તારોને તંત્રએ એલર્ટ કર્યા છે. સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, બનાસકાંઠાના તંત્રને જાણ કરાઈ છે. ખેડા, આણંદ, મહેસાણા જિલ્લાના કલેક્ટરોને પણ જાણ કરવામાં આવી છે. નોંધનીય છે કે, ધરોઈ ડેમની કુલ ૬૨૨ સપાટી સામે ૬૧૯ ફૂટ સુધી ભરાશે. ડેમની જળ સપાટી ચાલુ માસે ૬૧૯ ફૂટ સુધી ભરવા મંજૂરી મળી છે. ગુજરાતમાં સિઝનનો સરેરાશ ૮૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં અત્યાર સુધી સરેરાશ ૮૩ ટકા વરસાદ નોંધાયો છે, ત્યારે રાજ્યના ૨૦૭ ડેમમાં કુલ ૬૯.૭૩ ટકા પાણીનો જથ્થો છે. ગુજરાતના કુલ ૨૦૭ પૈકી ૬૧ ડેમ સંપૂર્ણ ભરેલા છે. સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમ પૈકી ૪૬ ડેમ સંપૂર્ણ ભરેલા છે. સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૮૧.૮૫ ટકા પાણીનો જથ્થો છે. જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ પૈકી ૩ ડેમ સંપૂર્ણ ભરેલા છે. દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમમાં ૬૯.૫૪ ટકા જથ્થો છે. બીજી બાજુ, વરસાદની આગાહીની વાત કરવામાં આવે તો, રાજ્યમાં હાલ કોઈ વરસાદી સિસ્ટમ સક્રિય નથી. રાજ્યમાં હાલ ભારે વરસાદની આગાહી નથી. અમદાવાદમાં કેટલાક વિસ્તારમાં હળવો વસાદ થઈ શકે છે.

---

### પિતા સારવાર હેઠળ

# વડોદરા શહેરમાં સામૂહિક આપઘાત : માતા-પુત્રનું મોત

## આ ઘટનામાં માતા નયનાબેન અને પુત્ર મિતુલનું મોત નિપજ્યું છે, જ્યારે મુકેશભાઈ પંચાલ સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે

વડોદરા

શહેરમાં સામૂહિક આપઘાતની ઘટના સામે આવી છે. જેમાં ૨નાં મોત થયા છે, જ્યારે એક વ્યક્તિ ઘાયલ હોવાનું જાણવા મળી રહ્યું છે. આ ઘટના કાછિયાપોળ બાબાજીપુરા રાવપુરાની છે. સામૂહિક આપઘાતની ઘટનામાં માતા-પુત્રનું મોત નિપજ્યું છે, જ્યારે પિતા સારવાર હેઠળ છે. હાલ ઘટનાને પગલે પોલીસ કાફલે ઘટના સ્થળે દોડી આવ્યો છે અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. વડોદરામાં સામૂહિક આત્મહત્યાની ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે. આ દુઃખદ ઘટના કાછિયાપોળ બાબાજીપુરા રાવપુરા વિસ્તારની છે, જ્યાં સિક્યુરિટીમાં કામ કરતા પિતાએ સામુહિક આત્મહત્યા કરી છે. આર્થિક સંક્રમણના કારણે આત્મહત્યા કરવાનું માહિતી મળી રહી છે. આ ઘટનામાં માતા નયનાબેન અને પુત્ર મિતુલનું મોત નિપજ્યું છે. જ્યારે મુકેશભાઈ પંચાલ સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને ઘરમાં પ્રવેશીને વધુ તપાસ હાથ ધરી હતી. જેમાં માતા-પુત્રનું મોત નિપજ્યું હોવાનું સામે આવ્યું છે. જ્યારે પિતાને ગંભીર હાલતમાં સારવાર માટે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આખરે કેમ પરિવારે સામૂહિક આપઘાતનો નિર્ણય લીધો? તે દિશામાં પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. સાથે જ આ પગલું ભરતાં પહેલા કોઈ સ્યુસાઈટ નોટ લખી હતી કે કેમ? તે દિશમાં પણ તપાસ કરવામાં આવી રહી છે.

### સીમા અને સચિન ગુજરાતમાં રહેવા આવશે?

# સીમા-સચિનને વેપારીએ ૧ લાખના પગારવાળી નોકરી આપવાની જાહેરાત કરી

## સોમવાર રાતે ગ્રેટર નોઈડાના રબૂપુરા ગામમાં એક પોસ્ટમેન અજાણી ચિઠ્ઠી લઈને સચિન, સીમાના ઘરે પહોંચ્યો



અમદાવાદ

સીમા હૈદર અને સચિન મીણા...આજના સમયે કોઈ ભાગ્યે જ એવું હશે, જે આ બંનેના નામથી અજાણ હોય. બંનેની લવ સ્ટોરી હાલમાં સૌ કોઈની જીભ પર છે. બંનેના ઈન્ટરવ્યૂ લેવાઈ રહ્યા છે. ન્યૂઝ ચેનલથી લઈને સોશિયલ મીડિયા, દરેક જગ્યાએ સચિન-સીમાની લવ સ્ટોરી ચર્ચામાં છે. આ દરમ્યાન હવે બંને પાસે એક સાથે ત્રણ-ત્રણ ગુડ ન્યૂઝ સામે આવ્યા છે. આજતકના રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, પહેલી ગુડ ન્યૂઝ એ છે કે, તેને ગુજરાતના એક વેપારીએ નોકરીની ઓફર આપી છે. વેપારી તરફથી કહેવાયું છે કે, આ બંનેને ૫૦-૫૦ હજાર રૂપિયાની સેલરીવાળી નોકરી આપશે. હકીકતમાં જોઈએ તો, જેવા આ સમાચાર સામે આવ્યા કે, સીમા-સચિન આર્થિક સંકટથી ઝઝૂમી રહ્યો છે, તો ગુજરાતી વેપારીએ પોતાની દરિયાદિલી બતાવી છે અને તેની મદદ કરવાનો નિર્ણય લીધો છે. તેમણે આ બંનેને ૫૦-૫૦ હજાર રૂપિયા દર મહિને નોકરી આપવાની વાત કહી છે એટલે કે, સીમા સચિન દર મહિને એક લાખ રૂપિયાની કમાણી કરી શકશે. પ્રાપ્ત જાણકારી અનુસાર, સોમવાર રાતે ગ્રેટર નોઈડાના રબૂપુરા ગામમાં એક પોસ્ટમેન અજાણી ચિઠ્ઠી લઈને સચિન, સીમાના ઘરે પહોંચ્યો. અજાણી પત્રથી ત્યાં હડકંપ મચી ગયો હતો. સીમાએ પત્ર ખોલવા માગતી હતી, પણ તેની સુરક્ષામાં તૈનાત જવાનોએ તેને આવું કરવા દીધું નહીં. તેને લાગ્યું કે, કોઈ ધમકી ભરેલી ચિઠ્ઠી હોય શકે છે. ત્યાર બાદ પોલીસના જવાનોએ વરિષ્ઠ અધિકારીઓને જાણ કરી, અધિકારીઓના આદેશ પર ચિઠ્ઠી ખોલવામાં આવી તો, તેને ગુજરાતના એક વેપારીએ સચિન અને સીમાને લખેલી હતી. ત્રણ પાનાની આ ચિઠ્ઠીમાં સીમા હૈદર અને સચિનને ગુજરાતમાં ૫૦-૫૦ હજાર રૂપિયા દર મહિને સેલરી પર નોકરીની ઓફર કરી હતી. તેમાં લખ્યું હતું કે તે ગમે ત્યારે ગુજરાત આવીને નોકરી જોઈન કરી શકશે. આ ઉપરાંત ચિઠ્ઠીમાં આગળ લખ્યું હતું કે, આ બંનેની દરેક સંભવ મદદ કરવામાં આવશે. બીજા ગુડ ન્યૂઝ એ છે કે, હાલમાં જ તેને એક મૂવી ડિરેક્ટર અમિત જાનીએ પણ પોતાની ફિલ્મમાં કામ કરવાની ઓફર આપી છે. તે સીમાના ઘરે જઈને એડવાંસ ચેક આપવા માટે પણ તૈયાર હતા. જો કે, આ ઓફર પર સીમા-સચિનના પરિવારનું કહેવું છે કે, જ્યાં સુધી તેમના વિરુદ્ધ તપાસ પુરી ન થાય ત્યાં સુધી તેઓ આવું કરી શકશે નહીં.


### સુરતમાં બેફામ બન્યા ગુંડા તત્વો

# જમવા બાબતે બોલાચાલી થતા લાકડાના ફટકા ઝીંકી યુવકને મોતને ઘાટ ઉતાર્યો

## તપાસ દરમિયાન પોલીસે ગણતરીના કલાકોમાં જ ૩ હત્યારાઓની ધરપકડ કરી તેઓને જેલ ભેગા કર્યા

સુરત : રાજ્યમાં હત્યાનો સિલસિલો યથાવત રહેતો જોવા મળી રહ્યો છે. રાંદેરના તાડવાડી વિસ્તારમાં વેલકમ ટાવર પાસે એક ઈસમની હત્યા કરી દેવામાં આવી હતી. લાકડાના ફટકા માથા પર ઝીંકીને હત્યા કરી દેવામાં આવી હતી. હત્યા અંગે જાણ થતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પોલીસે ગણતરીના કલાકોમાં જ ૩ હત્યારાઓની ધરપકડ કરી તેઓને જેલ ભેગા કર્યા હતા. જમવા બાબતે બોલાચાલી થતા મૃતક દંડો લઈને ત્યાં આવ્યો હતો, આ દંડો લઈ આરોપીઓએ તેના જ માથા પર માર મારી હત્યા કરી નાખી હતી.

સુરતના રાંદેર વિસ્તારમાં આવેલા તાડ વાળી નજીક રહેતા ભુરિયો નટ નામનો ઈસમ મજૂરી કામ કરી પોતાના પરિવારનો ગુજરાન ચલાવતો હતો. દરમિયાન સોમવારે રાત્રીના ૧૦:૦૦ વાગ્યાના અરસામાં ભુરિયાની તેના મિત્રો સાથે જમવા બાબતે બોલાચાલી થઈ હતી બાદમાં મિત્રો દ્વારા ભટુ પર લાકડાના ફટકા વડે માર મારવામાં આવ્યો હતો આ ઘટના બાદ ભુરિયો લોહી લુહાણ હાલતમાં ધરી પડ્યો હતો.બાદમાં તેના મિત્રો ત્યાંથી ભાગી છુટ્યા હતા.




બીજી તરફ આ ઘટનાની જાણ થતા જ રાંદેર પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને લોહી લુહાણ બનેલા ભુરિયાને સારવાર થઈ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન ભુરિયાનું મોતનું મોત નિપજતા પોલીસે અજાણ્યા ૩ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી આરોપીઓની શોધખોર હાથ ધરી હતી. રાંદેર પોલીસે ગણતરીના કલાકોમાં જ ત્રણ હત્યારાને ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી. પોલીસ પૂછપરછમાં તેઓએ પોતાના નામ કિશનસિંહ રાવત, રઘુનાથસિંહ કાલુસિંગ અને અરવિંદ નટની જણાવ્યું હતું. પોલીસ પૂછપરછ માં તેઓએ કબુલાત કરી હતી કે તેઓ ત્રણ જમવા બેઠા હતા ત્યારે મૃતક ત્યાં આવી પહોંચ્યો હતો અને પોતાને જમવા શા માટે નહીં બોલાવ્યો તેવુ કહી તેમની સાથે ઝઘડો કરી ગાળા ગાળ કરવા લાગ્યો હતો. જેથી ગુસ્સામાં આવી જઈ મૃતકને લાકડાનો ફટકો મારતા તેનું મોત નીપજ્યું હોવાનું કબૂલાત કરી હતી. હાલ પોલીસે આ સમગ્ર બનાવમાં વધુ તપાસ હાથ ધરી છે.

### ભાગીને લગ્ન ન કરવા માટે મહેસાણા શાળા સંચાલકનું અનોખું અભિયાન

# ભાગીને લગ્ન ન કરવા માટે સંચાલકે વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞા લેવડાવી

## અત્યાર સુધીમાં તેમણે ૨૦૦ કરતાં વધુ માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ પાસે પ્રતિજ્ઞા લેવડાવી છે

મહેસાણા

મુખ્યમંત્રીએ આપેલા લવમેરેજના નિવેદનની ચારેબાજુ ચર્ચા છે. ત્યારે મહેસાણાના શાળા સંચાલકે એક અનોખું અભિયાન ચલાવ્યું છે. શાળા સંચાલક મંડળના પ્રમુખ મનુભાઈ ચોકસી જિલ્લાની તમામ શાળાના વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞા લેવડાવે છે. જેમાં તેઓ કહે છે કે, 'હું માતા-પિતાની સંમતિ વગર લગ્ન નહીં કરું. અત્યાર સુધીમાં તેમણે ૨૦૦ કરતાં વધુ માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ પાસે પ્રતિજ્ઞા લેવડાવી છે. પ્રેમલગ્નને કારણે ઊભી થયેલી સ્થિતિ અને અપરિપક્વ વયે દીકરીઓ ભાગી જવાના બનાવોને રોકવા માટે અનોખો પ્રયોગ હાથ ધર્યો છે. આ ઉપરાંત જિલ્લાની તમામ માધ્યમિક શાળામાં મનુભાઈ ચોકસી આ પ્રકારે પ્રતિજ્ઞા લેવડાવશે. લગ્ન કરવાની ઉંમરમાં પણ વધારો કરવા માગણી કરી છે. જેમાં તેમણે યુવતીની લગ્ન માટેની ઉંમર ૧૮ વર્ષથી વધારીને ૨૧ વર્ષ કરવાનું કહ્યું છે અને યુવકની ઉંમર ૨૧થી વધારીને ૨૫ વર્ષ કરવા માટે જણાવ્યું છે. આ ઉપરાંત ભાગીને લગ્ન કરનારની દીકરીના સાક્ષીમાં માતા-પિતાની સાક્ષી ફરજિયાત બનાવવાનો મુદ્દો પણ સંમેલનમાં મૂકવામાં આવશે. તેના પર ચર્ચા-વિચારણા કરવામાં આવશે. આ સિવાય SPG સભ્યોના તેજસ્વી વિદ્યાર્થીઓને સીએમના હસ્તે ઈનામ આપવામાં આવશે. આ સંમેલનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કહ્યુ હતુ કે, 'બંધારણ ન નડે એ રીતે દીકરીઓના પ્રેમ લગ્ન બાબતે કોઈ ચોક્કસ વ્યવસ્થા કરીશું.'

# જામનગરના કલ્પેશભાઈ ઝવેરીનુ અમરનાથયાત્રા દરમિયાન મૃત્યુ

જામનગર

જામનગરના કલ્પેશભાઈ ઝવેરીનુ અમરનાથયાત્રા દરમિયાન મૃત્યુ થયું છે. તેઓ જામનગરની વિદ્યોતેજક મંડળ નામની શૈક્ષણિક સંસ્થામાં ફરજ બજાવતા હતાં. કલ્પેશભાઈનુ અમરનાથ યાત્રા દરમિયાન ઓક્સિજન લેવલ ઘટતા મૃત્યું નીપજ્યું છે. જેમના મૃતદેહને અમરનાથથી જામનગર લાવવામાં આવ્યો છે. જામનગર શહેરના શેઠ ફળી વિસ્તારમાં કલ્પેશભાઈ ઝવેરી રહેતા હતા અને જેમની ઉમર આશરે ૫૩ વર્ષ હતી અને જેઓ જામનગરની શૈક્ષણિક સંસ્થા વિદ્યોતેજક મંડળમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, જેઓ પોતાના મિત્ર મંડળ સાથે થોડા દિવસ અગાઉ જ જામનગરથી અમરનાથની યાત્રાએ ગયા હતા. જે દરમિયાન તેમનું ઓક્સિજન લેવલ ઘટતા તેમનું મૃત્યુ થયું છે. પ્રાપ્ત વિગતો મુજબ કલ્પેશભાઈની તબિયત લથડતા તેમને ત્યાંની સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જયાં સારવાર દરમિયાન તબિયત વધુ ગંભીર થતાં તેમનું મૃત્યું થયું હતું. તેમના નિધનના સમાચાર સાંભળતા જ પરિવારજનો ભારે શોકની લાગણી ફેલાઈ હતી.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya